
BUSINESS મિત્ર Plus

# શેરબજારો-રૂપિયો-સોનાચાંદી તૂટયા: ક્રુડ-ગેસ-ડિઝલ-ખાતરોમાં તેજી



અખાત યુધ્ધને એક માસ વીતી ગયો છે. ઇઝરાયેલે ઇરાનના પરમાણુ પ્લાન્ટ પર હુમલો કર્યા પછી અને હુથી લડવૈયાઓએ સક્રિય થઇ ઇઝરાયેલ પર છુટપુટ મિસાઇલ હુમલા શરુ કર્યા છે. ઇરાને હવે યુધ્ધનો ફલક વધાર્યો છે અને કુવૈત, બહેરીન, ઓમાન, દુબઇ, ઇઝરાયેલ સહીત સંખ્યાબંધ અમેરિકી થાણા, તેલ-ગેસ ક્ષેત્રો, ડિસેલીનેશન પ્લાન્ટ, સ્ટિલ એલ્યુમિનિયમ પ્લાન્ટ જેવી ફેસીલીટી ઇરાનના રડાર પર છે. પ્રિન્સ સુલતાન એરબેઝ પર હુમલામાં અમેરિકાના એક આવાક વિમાન (એરબોર્ન રડાર સિસ્ટમ) અને ઘણાખરા રિફ્યુલીંગ વિમાનોને ક્ષતિ થઇ છે. યુએઇના સૌથી મોટા એલ્યુ પ્લાન્ટને ક્ષતી થઇ છે. હવે હુથી લડવૈયાઓએ પણ વોરમાં ઝુકાવતા યેમેન નજીકનો નેવિગેશન ચોકપોઇન્ટ બાબ અલ મેન્ડેબ પણ ડિસરપ્ટ થાય તો હોરમુથ અને રેડ સી બેઉ માર્ગે પરિવહન મુશ્કેલ થાય. યુધ્ધને એક મહીનો થઇ ચૂકયો છે. દુબઇ સેફ હેવન છે એ માન્યતા ધરાશાયી થઇ ગઇ છે. દુબઇને જીડીપીને સીધુ નુકસાન અંદાજે 40 અબજ ડોલર મનાય છે. ટુરિઝમ, ઓઇલ-ગેસ, રિઅલ એસ્ટેટ, ફિનટેક સહીત સંખ્યાબંધ ક્ષેત્રોમાં નવું રોકાણ હાલ પુરતું આવે એની શકયતા નહીવત છે. ઓઇલ-ગેસ અને પેટ્રોફિડસ્ટોકમાં અણધારી તેજીથી સંખ્યાબંધ ઔદ્યોગિક કાચા માલોમાં અછત અને અંધાધૂંધ તેજીથી ઔદ્યોગિક મંદી તોળાય છે. અમેરિકા, યુરોપથી માંડી અનેક દેશોને યુદ્ધ નડી ગયું છે, તૂર્કીને કોઇને લીરા કરન્સીની મંદી રોકવા સોનું વેચવુ પડયું છે. પોલેન્ડને પણ સોનું વેચવુ પડયું છે. સાઉથ એશિયામાં ઓલ-ગેસ પર નભતા નિકાસલક્ષી અર્થતંત્રો કોરિયા- જાપાન વગેરે મંદીના કળણમાં સપડાય તેવી શકયતા છે.

બજારોની વાત કરીએ તો અમેરિકામાં ડાઉ-નાસદાક સહીત શેરબજારોમાં ધાણીફુટ વેચવાલી આવતાથી ઇમર્જિંગ બજારોમાં પણ શેરો અને કરન્સી તૂટયા હતા. સેન્સેકસમાં વધ્યા ભાવથી અંદાજે 13 ટકાનો ઘટાડો છે. રૂપિયો પણ અંદાજે 10.50 ટકા તૂટી 94.81ની ઓલટાઇમ લો સપાટીએ જતો રહ્યો છે.

યુધ્ધ શરુ થયાના એક માસમાં 1.14 લાખ કરોડ, જાન્યુ-28 માર્ચ સુધીમાં 1.27 લાખ કરોડ અને 2025-26 નાણાંકીય વરસમાં કુલ 3.15 લાખ કરોડ રૂપિયાનું શેર વેચાણ થયુ છે જે ઓલટાઇમ હાઇ સેલીંગ છે. આ વેચવાલી સ્ટ્રેટેજીક છે. ભારત તેલ માટે ગલ્ફ પર નિર્ભર છે. રૂપિયાની નરમાઇ તેમજ ખાતરો, તેલ-ગેસ પેટ્રો ફિડસ્ટોકની તેજી તેમજ એરલાઇન્સ, લોજીસ્ટિક , સપ્લાય ચેઇન ફ્રેઇટના ભાડા વધતા ઔદ્યોકિસ મંદીનો ખતરો ઘણો વધ્યો છે. ભારતમાં સરકારી તેલ ગેસ કંપનીઓએ હજૂ પેટ્રોલ-ડિઝલમાં રિટેલ ગ્રાહકો પર બોજો પડવા નથી દીધો પણ જો યુધ્ધ એક0બે વીક વધુ લંબાય તો સરકારી પગલાઓ આવી શકે છે. એશિયામાં ઘણા ખરા દેશોમાં પેટ્રોલના ભાવો નોંધપાત્ર વધ્યા છે. એનર્જી શોકથી ખાતર-ઓઇલ માર્કેટીંગ- એરલાઇન્સ- શિપિંગ-ઓટો સેકટર માટે મોટા પડકાર સર્જાયા છે. મરીન પ્રિમિયમ અમુક રુટમાં 1000 ટકા વધ્યા છે. એરલાઇન્સના ભાડા 3-4 ગણા વધ્યા છે એટલે ટ્રાવેલ, હોટેલ-પ્રવાસન, વેલનેસ પર પણ વીપરીત અસર પડે. ભારત ખાદ્યતેલો માટે 60-65 ટકા જરુરત આયાતી તેલોથી પુરી કરે છે. ખાતરમાં નોંધપાત્ર આયાતો મોરોક્કો, ગલ્ફ, ચીન, રશિયા વગેરેથી થાય છે. રશિયા-ચીને ખાતર પર નિકાસ પર નિયંત્રણ મુકયા છે એટલે નવી ખરિફ સિઝન અગાઉ ખાતરોની તેજી, કન્ટેનર ભાડા આયાતબીલ વધારી રુપિયા પર દબાણ લાવી શકે છે. વહેલો યુધ્ધવિરામ રૂપિયાની મંદી રોકી થોડો સુધારો લાવી શકે. રૂપિયો 90-92 વચ્ચે અને નિફટી 23000 ઉપર ટકી શકે. વોર 6 વીકથી વધુ ચાલે, ક્રુડ 120 ઉપર ટકી જાય તો નિફટી 20000-20500 સુધી ઘટી શકે, રૂપિયો 98-101 વચ્ચે જઇ શકે. બાહ્ય મોરચે સૌથી મોટી ચિંતા ચાલુ ખાતાની ખાધ ગણાય. જયા સુધી ચાલુ ખાતાની ખાધ જીડીપીના 1.5-2.5 ટકા સુધી હોય ત્યાં સુધી મોટી ચિંતા ન કરાવે પણ ત્રણ ટકાથી વધારે ખાધ કરન્સી સ્પેકયુલેટરને રૂપિયો શોર્ટ કરવા પ્રલોભન આપી શકે. કેમિકલ્સ-ખાતરો-ઓઇલ જેવી કોમોડિટીની તેજીથી આયાતી ફુગાવો નડી શકે.

**બિરેન વકીલ**

વૈશ્વિક બજારોની વાત, ગ્લોબલ કોમોડિટીઝની વાત કરીએ તો ડાઉ-નાસદાક- કોસ્પિ સહીત મોટા શેરબજારો તૂટયા છે. 10-15 ટકા કરેકશન આવ્યા છે. હજૂ પણ વેચવાલીનો ગભરાટ દેખાય છે. વૈશ્વિક સોનાચાંદી અને મેટલ્સ તૂટયા છે. દુબઇમાં સોનું ડિસ્કાઉન્ટમાં વેચાય છે. વિશ્વબજારમાં સટ્ટાકીય વધઘટ બેતરફી છે. એલએનજી-વોનેપ્થા- પીવીસી, શિપિંગ ફ્યુલ, ડિઝલની શોર્ટેજ વેશ્વિક સ્લોડાઉન લાવે એવી દેખાય છે. ખાદ્યતેલોમાં પામતેલ, સોયા, રાયડો-સરસવ તેલમાં ઝડપી તેજી થઇ છે. શિકાગો સોયા- મલેશિયા પામ પણ વધ્યા છે. ક્રુડતેલની તેજીથી બાયોફ્યુલ મેન્ડેટ વધવાની ગણતીએ સોયા-મકાઇ-પામમાં તેજી છે. અલ નીનોના વરતારાથી પણ સોયા-કોટન-એગ્રીકોમોડિટીમાં માનસ તેજીનું છે. કતારમાંથી હેલીયમ ગેસનો સપ્લાય ખોરવાતા સેમિકંડકટર, આઇટી, મેમરી ચિપ્સમાં શોર્ટેજ વરતાય છે. એલપીજીની શોર્ટેજથી રેસ્ટોરન્ટ-સિરામિક- કેમિકલ્સ-પ્લાસ્ટીક દાણા જેવા એકમો માટે કપરા દિવસો આવ્યા છે. ખાતર કંપનીઓ, ફાયનાન્સ કંપનીઓ પણ દબાવમાં આવી છે. વહેલામાં વહેલી તકે યુધ્ધો બંધ થાય એને શાંતી આવે તો સારુ. આગામી મહીને ફેડની વ્યાજદર મીટીંગ અને ભારતમાં 4 મેના રોજ પાંચ રાજયોની ચુંટણીના પરિણામો પર બજારોની નજર રહેશે.

**ગલ્ફ વોર વકરી- ઈરાન-ઈઝરાયેલ-અમેરિકાના તેલ- પાવર- સ્ટિલ પર પરસ્પર હુમલા, હુથી લડવૈયાઓ પણ યુધ્ધમાં જોડાયા- હોરમુઝની નાકાબંધી યથાવત- હવે રેડ સી બાબ-અલ મેન્ડેબ જળમાર્ગ મોટો ચોકપોઈન્ટ**

# આગામી ચારેક વર્ષમાં દેશના ટાયર-2 અને ટાયર-3 શહેરોમાં જમીનના ભાવો બમણા થઈ જઈ શકે



પ્રોપટેક ફર્મ સ્ક્વેર યાર્ડ્સના અહેવાલ મુજબ, આગામી થોડા વર્ષોમાં ભારતના ટાયર-2 અને ટાયર-3 શહેરોમાં જમીનના ભાવમાં તીવ્ર ઉછાળો આવી શકે છે, કારણ કે ઉભરતા શહેરી કેન્દ્રોમાં મોટા પાયે ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સ અને ઔદ્યોગિક વિસ્તરણને કારણે માંગ વધી રહી છે.

રિયલ્ટીઝ નેક્સ્ટ ગ્રોથ એન્જિન્સ: ટાયર-2, ટાયર-3 માર્કેટ્સ ઇન ફોકસ શીર્ષક ધરાવતો આ અહેવાલ અંદાજ લગાવે છે કે આગામી બે થી ચાર વર્ષમાં અનેક ઉભરતા શહેરોમાં જમીનના મૂલ્યોમાં 25% થી 100% વચ્ચે વધારો થઈ શકે છે, ખાસ કરીને એવા વિસ્તારોમાં કે જે નવા ઇન્ફ્રાસ્ટ્રક્ચર કોરિડોર અને રોજગાર હબથી લાભ મેળવી રહ્યા છે. ભુવનેશ્વર, કટક, ઈરોડ, પુરી, વારાણસી અને વિશાખાપટ્ટનમ જેવા શહેરો રિયલ એસ્ટેટ વૃદ્ધિના આગામી તબક્કાનું નેતૃત્વ કરે તેવી અપેક્ષા છે, કારણ કે સરકારની આગેવાની હેઠળના ઇન્ફ્રાસ્ટ્રક્ચર રોકાણો ભારતના આર્થિક વ્યાપને મુખ્ય મહાનગરોની બહાર વિસ્તારી રહ્યા છે.

**પ્રોપર્ટી માર્કેટ**

અહેવાલ મુજબ, જમીનના બજારો સ્થિર હાઉસિંગ સેગમેન્ટ્સ કરતા વધુ તીવ્ર પ્રતિક્રિયા આપે છે, ખાસ કરીને જ્યારે તેમને રોજગાર હબ, લોજિસ્ટિક્સ નેટવર્ક અને ઔદ્યોગિક કોરિડોરનો ટેકો મળે. અહેવાલ અનેક ઇન્ફ્રાસ્ટ્રક્ચર ડ્રાઇવરો તરફ નિર્દેશ કરે છે જે ઉભરતા શહેરોમાં જમીનના મૂલ્યોમાં વધારો કરશે: મેટ્રો કોરિડોરની 500 મીટરથી 1 કિમીની ત્રિજ્યામાં આવેલી મિલકતો સામાન્ય રીતે 8-25% પ્રીમિયમ મેળવે છે, અને પૂર્ણ થયા પછી કોરિડોર સ્તરે અંદાજે 15-40% વૃદ્ધિ જોવા મળે છે. એરપોર્ટ અને એક્સપ્રેસ-વે જેવા મોટા ઇન્ફ્રાસ્ટ્રક્ચર પ્રારંભિક ચક્રમાં વધુ મજબૂત નફો કરાવી શકે છે, જેમાં જાહેરાતથી લઈને પૂર્ણ થવા સુધીના પ્રભાવિત વિસ્તારોમાં કિંમતો 30-70% વધે છે. ઉચ્ચ વૃદ્ધિ ધરાવતા પેરિફેરલ માઇક્રો-માર્કેટ્સમાં, ખાસ કરીને પ્લોટેડ ડેવલપમેન્ટમાં, બહુ-વર્ષીય વૃદ્ધિ 80-100% થી વધી શકે છે કારણ કે કનેક્ટિવિટી નવી વિકાસ ક્ષમતાને ખોલે છે. સ્ક્વેર યાર્ડ્સના CEO અને કો-ફાઉન્ડર તનુજ શોરીએ જણાવ્યું હતું કે, ભારતનું રિયલ એસ્ટેટ માર્કેટ માળખાગત રીતે સંચાલિત ચક્રમાં પરિવર્તિત થઈ રહ્યું છે જે ઇન્ફ્રાસ્ટ્રક્ચર વિસ્તરણ, રોજગાર વૃદ્ધિ અને નાણાકીય સ્થિરતા પર આધારિત છે. જેમ જેમ ઇન્ફ્રાસ્ટ્રક્ચર અને ઔદ્યોગિક વિકાસ નવા પ્રદેશોમાં વિસ્તરે છે, તેમ તેમ રહેણાંક માંગ રોજગાર સર્જનને અનુસરશે.

આ અહેવાલ હાઇલાઇટ કરે છે કે ભારતનું રહેણાંક રિયલ એસ્ટેટ ક્ષેત્ર આયોજિત જાહેર મૂડી ખર્ચમાં 12.2 લાખ કરોડના રોકાણ અને સુધારેલી નાણાકીય સ્થિરતા દ્વારા સમર્થિત વિસ્તરણ તબક્કામાં પ્રવેશી રહ્યું છે. આ વલણ મધ્યમ આવક ધરાવતા હાઉસિંગ સેગમેન્ટને મજબૂત બનાવશે તેવી અપેક્ષા છે, ખાસ કરીને 50 લાખથી 1 કરોડના પ્રાઈસ સેગમેન્ટમાં, કારણ કે પરવડે તેવી ક્ષમતા અને આવકની સ્થિરતા વધી રહી છે.

વધુમાં, 200 થી વધુ જૂના ઔદ્યોગિક ક્લસ્ટરોના પુનરુત્થાન સાથે સેમિકન્ડક્ટર મિશન 2.0 જેવી પહેલો બહુવિધ પ્રદેશોમાં મોટા પાયે રોજગાર પેદા કરે તેવી અપેક્ષા છે. આ રોજગાર વિસ્તરણ ઉભરતા શહેરોમાં સતત રહેણાંક શોષણ લાવશે અને ઓફિસ સ્પેસ, લોજિસ્ટિક્સ હબ અને વેરહાઉસિંગ સહિત કોમર્શિયલ રિયલ એસ્ટેટની માંગને પણ ટેકો આપશે. સ્ક્વેર યાર્ડ્સના વાઈસ-પ્રેસિડેન્ટ સુનિતા મિશ્રાએ જણાવ્યું હતું કે,,બજેટ 2026 માં જાહેર કરાયેલા પગલાંની સાથે, અર્બન ચેલેન્જ ફંડ જેવા મોટા પાયે રોકાણો ટાયર-2 અને ટાયર-3 શહેરોની ઔદ્યોગિક અને વ્યાપારી સંભાવનાઓને અનલોક કરશે. મધ્યમ થી લાંબા ગાળાના મૂડી વૃદ્ધિ માટે જોઈ રહેલા ખરીદદારો અને રોકાણકારો માટે આ એક સંપૂર્ણ તક છે.

**આગામી બે થી ચાર વર્ષમાં અનેક ઉભરતા શહેરોમાં જમીનના મૂલ્યોમાં 25% થી 100% વચ્ચે વધારો થઈ શકે છે, ખાસ કરીને એવા વિસ્તારોમાં કે જે નવા ઈન્ફ્રાસ્ટ્રક્ચર કોરિડોર અને રોજગાર હબથી લાભ મેળવી રહ્યા છે**

# ઈનસાઈડર ટ્રેડિંગ કે રાષ્ટ્રદ્રોહ? ટ્રમ્પની જાહેરાત પહેલા મોટો ખેલ થઈ ગયો?



ઈરાન-ઈઝરાયેલ તથા અમેરિકા વચ્ચે યુદ્ધ ચાલી રહ્યું છે, આ યુદ્ધ એવા તબક્કે છે, ત્યારે આરપારની લડાઈની સંભાવના વ્યક્ત કરવામાં આવી રહી છે, તે સંજોગોમાં એકાએક અમેરિકા દ્વારા યુદ્ધવિરામનો પ્રસ્તાવ લાવવામાં આવે છે, જે અચરજ પમાડે તેવું લાગી રહ્યું છે. તેની સાથે કેટલાક સોદાઓને જોતાં પણ શંકાસ્પદ સ્થિતિ સર્જી શકે છે. આવો એક આરોપ નોબલ પુરસ્કાર વિજેતા પોલ ક્રુડમેને ડોનાલ્ડ ટ્રમ્પ વહીવટી તંત્ર પર ઈરાન-યુએસ વાટાઘાટોની ઘોષા પહેલા શંકાસ્પદ વેપારનો આરોપ લગાવ્યો હતો.

આ સોદાઓથી મોટો નફો થયો હતો. ક્રુગમેને તેને માત્ર આંતરિક વેપાર જ નહીં, પરંતુ રાષ્ટ્રીય સુરક્ષા સાથે સંબંધિત 'દેશદ્રોહ' તરીકે પણ વર્ણવ્યો હતો. નોબેલ પુરસ્કાર વિજેતા અર્થશાસ્ત્રી પોલ ક્રુગમેને અમેરિકન વહીવટીતંત્ર પર ગંભીર આરોપો લગાવીને મોટો વિવાદ ઉભો કર્યો છે. તેમનું કહેવું છે કે ડોનાલ્ડ ટ્રમ્પની નજીકના લોકોએ આંતરિક માહિતીનો ફાયદો ઉઠાવીને ક્રૂડ ઓઈલ માર્કેટમાં લાખો ડોલરની રમત રમી છે.

ક્રુગમેનના જણાવ્યા અનુસાર, ટ્રમ્પની ઈરાન-યુએસ વાતચીત પોસ્ટ પહેલા કરવામાં આવેલા મોટા વ્યવહારો એક મોટા કૌભાંડ તરફ નિર્દેશ કરે છે, જેને તેમણે 'દેશદ્રોહ' પણ ગણાવ્યો છે. વાસ્તવમાં ટ્રમ્પે 23 માર્ચના રોજ કહ્યું હતું કે મધ્ય પુર્વમાં ચાલી રહેલા યુદ્ધને સમાપ્ત કરવા માટે ઈરાન અને અમેરિકા વચ્ચે ખૂબ જ સારી વાતચીત થઈ છે. તેમણે એવી પણ જાહેરાત કરી હતી કે અમેરિકા ઈરાનના પાવર પ્લાન્ટ્સ અને એનર્જી ફ્રેમવર્ક પરના તમામ સૈન્ય હુમલાઓને પાંચ દિવસ માટે મુલતવી રાખી રહ્યું છે. આ જાહેરાત બાદ ક્રૂડ ઓઈલના ભાવમાં તીવ્ર ઘટાડો થયો હતો. ઓઈલ વાયદો લગભગ 15 ટકા ઘટીને 100 ડોલર પ્રતિ બેરલની નીચે આવી ગયો હતો, જ્યારે વોલસ્ટ્રીટમાં વધારો જોવા મળ્યો હતો. જોકે, ઈરાને આ દાવાઓને ફગાવી દીધા હતા અને કહ્યું હતું કે તેણે અમેરિકા સાથે કોઈપણ પ્રકારની વાતચીત કરી નથી. ક્રુગમેને પોતાના બ્લોગમાં લખ્યું છે કે, 'દુર્ભાગ્યે, આ કિસ્સામાં, કટ્ટરપંથી અને ક્રૂર ઈરાની શાસન યુનાઈટેડ સ્ટેટ્સના રાષ્ટ્રપતિ કરતાં વધુ વિશ્વસનીય લાગે છે. શું તે જૂઠું બોલી રહ્યો છે અથવા કાલ્પનિક દુનિયામાં જીવી રહ્યો છે? બંને પરિસ્થિતિઓ ચિંતાજનક છે.

ટ્રમ્પના નિવેદનની થોડી મિનિટો પહેલા જ બજારમાં અચાનક મોટાપાયે ખરીદી થઈ હતી. આશરે 1.5 અબજ ડોલરના એસએન્ડપી 500 વાયદા ખરીદવામાં આવ્યા હતા અને આશરે 192 મિલિયન ડોલરના ઓઈલ વાયદાનું વેચાણ થયું હતું. આ બધું એટલું ઝડપથી અને અચાનક થયું કે લોકોને શંકા થવા લાગી.

આ જાહેરાત પહેલા કેટલાક સોદાઓ થયા હતા, જેમાં શેરબજાર સાથે જોડાયેલા વાયદામાં નીચા ભાવેખરીદવામાં આવ્યા હતા. જ્યારે ક્રુડ ઓઈલ વાયદો ઊંચા ભાવે શોર્ટ સેલ હતો. જે ટ્રમ્પની જાહેરાતની સાથે શેરબજારમાં તીવ્ર ઉછાળો આવ્યો હતો, જેનાથી ખરીદદારોને ફાયદો થયો હતો. જ્યારે ક્રુડ ઓઈલના ભાવમાં ઘટાડો થયો હતો, જેનો ફાયદો વેચાણકર્તાઓને થયો હતો.

રિપોર્ટ્સ અનુસાર, ટ્રમ્પની જાહેરાતની થોડી સેકન્ડ પહેલા, લગભગ 6200 ફ્યુચર્સ કોન્ટ્રાક્ટ્સ ઝડપથી ટ્રેડ થયા હતા, જેની કુલ કિંમત લગભગ 580 મિલિયન ડોલર હતી. આ સોદા એક વ્યક્તિએ કર્યા હતા કે ઘણા લોકોએ સાથે મળીને કર્યા હતા તે હજુ સ્પષ્ટ નથી.

**ગ્લોબલ બઝ**

નોબેલ વિજેતા અર્થશાસ્ત્રી પોલ ક્રુગમેનનું માનવું છે કે આ બધું સામાન્ય નથી. તેમના મતે, તે શંકાસ્પદ છે કે આટલો મોટો ટ્રેડિંગ કોઈ સમાચાર વિના થઈ રહ્યો છે. એવું લાગે છે કે કેટલાક લોકો પાસે અગાઉથી માહિતી હતી અને તે જ માહિતીનો ઉપયોગ કરીને ત્વરિત નફો મેળવ્યો હતો. ક્રુગમેન કહે છે કે આ પહેલીવાર નથી. ભૂતકાળમાં, ટ્રમ્પની મોટી જાહેરાતો પહેલા, વેનેઝુએલા સંબંધિત કાર્યવાહી પહેલાં, સમાન શંકાસ્પદ રોકાણો જોવા મળ્યા છે. જો તે સાબિત થાય છે કે કોઈએ અગાઉથી માહિતી સાથે રોકાણ કર્યું છે, તો તેને ઈનસાઈડર ટ્રેડિંગ માનવામાં આવશે, જે એક ગંભીર આર્થિક ગુનો છે. આ જ કારણ છે કે હવે આ સમગ્ર મામલાને લઈને પ્રશ્નો ઉભા થઈ રહ્યા છે અને તપાસની માંગ થઈ શકે છે.

નોબેલ પુરસ્કાર વિજેતા અર્થશાસ્ત્રી પોલ ક્રુગમેન કહે છે કે આ મામલો માત્ર ઈનસાઈડર ટ્રેડિંગ સુધી મર્યાદિત નથી. તેમના મતે, જો કોઈએ પૈસા કમાવવા માટે રાષ્ટ્રીય સુરક્ષાને લગતી ગુપ્ત માહિતીનો ઉપયોગ કર્યો છે, તો તે 'દેશદ્રોહ' જેવો ગંભીર ગુનો બની જાય છે. એટલે કે, તે માત્ર આર્થિક ગડબડ જ નહીં, પરંતુ દેશના હિતો સાથે વિશ્વાસઘાત પણ હોઈ શકે છે. ક્રુગમેન કહે છે કે સામાન્ય રીતે ઈનસાઈડર ટ્રેડિંગ ત્યારે થાય છે જ્યારે કંપનીની અંદરની માહિતીનો લાભ લઈને શેરબજારમાં નફો કરવામાં આવે છે. આ પહેલાથી જ ગેરકાયદેસર છે. પરંતુ જ્યારે રાષ્ટ્રીય સુરક્ષાને લગતી અત્યંત ગુપ્ત માહિતી સાથે આ જ કામ કરવામાં આવે છે, ત્યારે મામલો વધુ ગંભીર બની જાય છે, અને તેને રાજદ્રોહની શ્રેણીમાં જોઈ શકાય છે.

ક્રુગમેને એ પણ સવાલ કર્યો હતો કે આ શંકાસ્પદ સોદા પાછળ ખરેખર કોણ છે. શું આ પ્રભાવશાળી લોકો અથવા અબજોપતિઓ છે જેમણે આંતરિક માહિતી લીધી અને રોકાણ કર્યું? તેમણે કહ્યું કે જ્યારે રાજકીય પરિસ્થિતિ બદલાશે, ત્યારે આ લોકોને ઓળખવાનું સરળ બનશે અને જવાબદાર લોકો સામે કડક કાર્યવાહી થવી જોઈએ. ક્રુગમેને ખૂબ જ ગંભીર પ્રશ્ન ઉઠાવ્યો હતો કે શું યુદ્ધ અને શાંતિ જેવા નિર્ણયો પણ બજારને પ્રભાવિત કરવા માટે લેવામાં આવી રહ્યા છે. તેમનું કહેવું છે કે જો આ અશક્ય લાગે છે, તો કદાચ લોકો પરિસ્થિતિને ગંભીરતાથી જોતા નથી.

**ટ્રમ્પની જાહેરાતની થોડી સેકન્ડ પહેલા લગભગ 580 મિલિયન ડોલરના 6200 ફ્યુચર્સ કોન્ટ્રાક્ટ્સ ઝડપથી ટ્રેડ થયા હતા, ટ્રમ્પની વેનેઝુએલા સહિતની અગાઉની તમામ ઘટનાઓ અને જાહેરાત પુર્વેના સોદાઓની ચકાસણી કરવી જોઈએઃ નોબલ વિજેતા પોલ ક્રુડમેનની માગણી**

# પુરુષોની સરખામણીમાં મહિલાઓ લોન ભરપાઈ કરવામાં વધુ ચોક્કસ જણાઈ



હવે મહિલાઓ પણ ઉદ્યોગ સાહસોમાં નોંધપાત્ર પ્રમાણમાં ઝંપલાવવા માંડી છે અને ધિરાણો પણ લેવા માંડી છે ત્યારે કેટલાક અભ્યાસો સૂચવે છે કે મહિલાઓ પુરુષોની સરખામણીએ સતત વધુ સારી લોન પુનઃચુકવણીની ચોકસાઈ અને મજબૂત નાણાકીય શિસ્ત દર્શાવે છે, જેના પરિણામે લોન ડિફોલ્ટના દરો નીચા જોવા મળે છે. ડેટા સૂચવે છે કે કન્ઝ્યુમર લોન પર મહિલાઓનો ડેલિંક્વન્સી રેટ (બાકી લેણાંનો દર) ઓછો હોય છે (પુરુષો માટે 6.9% ની સામે મહિલાઓ માટે 5.2%) અને નાણાકીય સંસ્થાઓ દ્વારા તેમને સુરક્ષિત તથા ઓછું જોખમ ધરાવતા લેણદારો માનવામાં આવે છે.

મહિલાઓનો રિપેમેન્ટ રેકોર્ડ વધુ સારો હોવા પાછળના મુખ્ય કારણો જોઈએ તો, અભ્યાસો દર્શાવે છે કે મહિલાઓ સમયસર લોન પરત કરવાની વધુ શક્યતા ધરાવે છે. કેટલાક કિસ્સાઓમાં, પ્લેટફોર્મ પર તેમની કુલ સંખ્યાની તુલનામાં લોન ભરપાઈ કરવામાં તેમનો ફાળો ઘણો વધારે હોય છે. સામાન્ય રીતે પુરુષો કરતાં મહિલાઓને ઓછું ક્રેડિટ રિસ્ક ધરાવતા ગણવામાં આવે છે, કારણ કે તેઓ ઘણીવાર ઉચ્ચ ક્રેડિટ સ્કોર અને વધુ સારી તથા સુસંગત ક્રેડિટપાત્રતા ધરાવે છે, જેના કારણે તેમને લોન પણ ઝડપથી મળે છે. વિવિધ પુરાવાઓ સૂચવે છે કે મહિલાઓ વધુ વિશ્વાસપાત્ર હોય છે અને ચુકવણીમાં બહેતર પ્રદર્શન કરે છે, પછી ભલે તે લોન સામૂહિક જવાબદારી હેઠળ હોય કે વ્યક્તિગત ધિરાણ પદ્ધતિ પર આધારિત હોય. છેલ્લે, માઇક્રોફાઇનાન્સ ક્ષેત્રમાં મહિલાઓની ઊંચી ભાગીદારીએ પુનઃચુકવણીમાં તેમની વિશ્વસનીયતાને વિશેષ રૂપે સાબિત કરી છે.

ફિનટેક કંપની Zavo ના જણાવ્યા અનુસાર, મહિલાઓ નાણાકીય આયોજનમાં વધુ સક્રિયતા અને લોન પરત કરવામાં શ્રેષ્ઠ શિસ્ત દર્શાવે છે. કંપનીએ તેના પ્લેટફોર્મ પરના 30 લાખથી વધુ વપરાશકર્તાઓના વર્તન પર સંશોધન કરીને આ તારણ કાઢ્યું છે.

Zavo ના કુલ 9.48 લાખ વપરાશકર્તાઓમાંથી મહિલાઓનો હિસ્સો 30 ટકાથી વધુ છે. પ્લેટફોર્મ પર લોન અને ક્રેડિટ કાર્ડના લેણાં પેટે પરત કરવામાં આવેલા કુલ 505.7 કરોડમાંથી, મહિલાઓએ 176.9 કરોડનું યોગદાન આપ્યું છે, જે કુલ રકમના લગભગ 35 ટકા જેટલું થાય છે. ડેટા દર્શાવે છે કે પ્લેટફોર્મ પર મહિલાઓની સંખ્યાના પ્રમાણમાં લોન પરત કરવામાં તેમનો હિસ્સો ઘણો વધારે છે, જે તેમની નાણાકીય શિસ્તની નિશાની છે. આ કંપનીના ડેટા મુજબ, મહિલાઓ તેમના નાણાકીય વ્યવહારો પર સતત નજર રાખે છે. લગભગ 6,63,600 મહિલાઓ દર મહિને પ્લેટફોર્મ પર સક્રિય રહે છે, જેમાંથી 2,65,000 સાપ્તાહિક ધોરણે અને 46,500 દરરોજ પ્લેટફોર્મનો ઉપયોગ કરે છે. ઘણા વપરાશકર્તાઓ નિયમિતપણે તેમના EMI તપાસે છે, આગામી લેણાંની સમીક્ષા કરે છે અને તેમના ક્રેડિટ વર્તનને મોનિટર કરે છે. આવી સતત સક્રિયતાને કારણે હપ્તા ચૂકવવામાં વિલંબ થવાનું અને લાંબા ગાળાના ડિફોલ્ટનું જોખમ ઘટે છે. ચુકવણીના રેકોર્ડ્સ પણ આ વલણને સમર્થન આપે છે. મહિલાઓ દ્વારા કરવામાં આવેલી 31,340 ચુકવણીઓમાંથી 22,600 સમયસર કરવામાં આવી હતી, જ્યારે 6,800 ચુકવણીમાં 30 દિવસથી ઓછો વિલંબ થયો હતો. માત્ર 1,940 ખાતાઓ ડિફોલ્ટની શ્રેણીમાં ગયા હતા. આ સૂચવે છે કે મોટાભાગના

**ઓફ-બીટ**

વિલંબ ટૂંકા ગાળાની રોકડ તંગીને કારણે હોય છે, નહીં કે ગંભીર ક્રેડિટ સમસ્યાઓને કારણે.

ડેટા એમ પણ દર્શાવે છે કે યુવા મહિલાઓ હવે વહેલી વયે ઔપચારિક ક્રેડિટ સિસ્ટમમાં પ્રવેશી રહી છે. 26-35 વર્ષની વયજૂથની મહિલાઓ સૌથી મોટો હિસ્સો (41 ટકા) ધરાવે છે, જેઓ તેમની કારકિર્દીની શરૂઆતમાં પર્સનલ લોન અને ક્રેડિટ કાર્ડ મેનેજ કરી રહી છે. તે જ સમયે, લગભગ 25 ટકા મહિલા વપરાશકર્તાઓ 18 થી 25 વર્ષની વયના છે, જે દર્શાવે છે કે તેઓ વ્યવસાયિક જીવનની શરૂઆતથી જ ક્રેડિટ હિસ્ટ્રી બનાવવાનું શરૂ કરી રહી છે.

**વિવિધ પુરાવાઓ સૂચવે છે કે મહિલાઓ વધુ વિશ્વાસપાત્ર હોય છે અને ચુકવણીમાં બહેતર પ્રદર્શન કરે છે, પછી ભલે તે લોન સામૂહિક જવાબદારી હેઠળ હોય કે વ્યક્તિગત ધિરાણ પદ્ધતિ પર આધારિત હોય. છેલ્લે, માઈક્રોફાઈનાન્સ ક્ષેત્રમાં મહિલાઓની ઊંચી ભાગીદારીએ પુનઃચુકવણીમાં તેમની વિશ્વસનીયતાને વિશેષ રૂપે સાબિત કરી છે**